મારા મમ્મી-પપ્પાને ના કહેતા-ચિઠ્ઠી લખીને

બી.ટેક.ના વિદ્યાર્થીનો હોસ્ટેલનાં રૂમમાં જ ફાંસો ખાઈ આપઘાત

પલંગ સાથે નાયલોનની દોરી બાંધીને ગળે દોરી ભરાવી ગોથું ખાઈ લીધું : ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટની હોસ્ટેલમાં બનેલી ઘટના : કારણ અકબંધ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ખાતે સ્થિત ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયૂટની હોસ્ટેલમાં રહીને બી.ટેક.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરી રહેલા રાજસ્થાની ૧૭ વર્ષીય વિદ્યાર્થીએ રાત્રિ દરમિયાન પોતાના રૂમમાં પલંગ સાથે નાયલોન દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આપઘાતનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી પરંતુ વિદ્યાર્થીના મૃતદેહ પાસેથી એક ચિઠ્ઠી મળી આવી હતી જેમાં લખ્યું છે કે મારા મમ્મી-પપ્પાને જાણ ના કરતાં, મારા કાકાને કહેજો..! સે-૭ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

રાજસ્થાનના ભીલવાડા વિસ્તારમાં આવેલા ગંગાપુર ગામમાં રહેતા મગનીરામ કુલવરીયા રાજસ્થાન પી.ડબલ્યુ.ડી. વિભાગમાં નોકરી કરે છે તેમનો ૧૭ વર્ષનો દિકરો નરેશ પખવાડિયા અગાઉ જ ગાંધીનગર રહેવા આવ્યો હતો. ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયૂટમાં બી.ટેક.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરી રહેલો નરેશ ત્યાંની હોસ્ટેલમાં જ રૂમ નં. સી/૧૧૧માં રહેતો હતો. તેનો રૂમ પાર્ટનર પોતાના વતન જયપુર ગયો હતો. તેથી રૂમમાં એકલો હતો. જેની સામેના રૂમમાં રહેતા રાહુલ નામના વિદ્યાર્થી સાથે નરેશને ગઈ રાત્રે ૧૨ વાગ્યે વાતચીત થઈ હતી. જેમાં તેણે રાહુલને કહ્યું હતું કે આવતી કાલે ૧૨ વાગ્યે મને ઊઠાડવા આવજે...! બપોરના અરસામાં રાહુલ નરેશના રૂમ પાસે તેને ઉઠાડવા માટે ગયો રૂમ ખટખટાવવા છતાં અંદરથી કોઈ જ જવાબ ન મળતા આસપાસના રૂમના વિદ્યાર્થી મિત્રો પણ ત્યાં આવી પહોંચ્યા હતા. છતાંય રૂમનો દરવાજો ન ખોલતા દરવાજો તોડી નાંખી વિદ્યાર્થીઓ અંદર ગયા ત્યારે જોયું તો નરેશે સ્યુસાઈડ કરી દીધેલું જોવા મળ્યું હતું. રાત્રી દરમિયાન નરેશે પલંગની જાળી સાથે નાયલોન દોરી બાંધી ગોથું મારી દઈને ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધો હતો. આપઘાતનું કારણ બહાર આવી શકયું નથી જો કે ત્યાંથી એક ચિઠ્ઠી મળી આવી હતી જેમાં લખ્યું હતું કે મારા મમ્મી-પપ્પાને જાણ ન કરતાં, મારા કાકાને જાણ કરજો! સે-૭ સેકન્ડ પી.આઈ. પી.ટી. બોદરે ચિઠ્ઠી કબ્જે કરીને મૃતદેહ પી.એમ. કરાવી વાસીવારસને રાજસ્થાનથી બોલાવી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.



ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં છેલ્લા દોઢ માસથી સતત વરસાદી માહોલથી ચિલોડા-હિંમતનગર-અમદાવાદ જાહેર માર્ગો બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો ભારે હાલાકી વેઠી રહ્યા છે. આ માર્ગો પર ડામરની કાંકરીઓ ઉખડવાથી મસ મોટાં ખાડા પડી ગયા છે તેથી અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે. ચિલોડા સર્કલ નજીક પેટ્રોલ પંપ સામેના વળાંકમાં દર વર્ષે વરસાદ આવતાં પાણીનો ભરાવો થતાં નાના મોટાં ઊંડા ખાડાથી વાહનચાલકો કાચા રસ્તાનો અહેસાસ કરી રહ્યા છે. જયારે ચિલોડાથી નરોડાનો રસ્તો જો અકસ્માત ઝોન તરીકે જાણીતો બન્યો છે. અસંખ્ય ખાડાથી બિસ્માર હાલત સર્જાઈ છે. આમ છતાં હાલમાં કામચલાઉ ખાડા પૂરવાની કામગીરીમાં માટી અને કાંકરાનો માલ પાથરી થીંગડા મારવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પણ વરસાદની હેલીથી ધોવાણ થતાં જૈસે-થે સ્થિતિ રહેતાં સમસ્યાનો અંત ન આવતાં વાહનચાલકોની હાલાકી યથાવત રહેતાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. (તસવીર : નટુભાઈ પટેલ)

નવું ચિલોડા પોલીસ સ્ટેશન બનાવવાની કામગીરી પુરજોશમાં

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશ દ્વાર સમા ચિલોડા સર્કલ મોખરાનું સ્થાન ધરાવે છે જેમાં જાહેરમાર્ગો તથા કોમ્પ્લેક્ષો, બેંકો, વ્યાપારી દુકાનો, અસંખ્ય વાહનો અને નાગરિકોની ભારે અવરજવરથી ધમધમતું ચિલોડા હવે વિકાસના પંથે હરણફાળ ભરી રહ્યું છે. જેમાં હાઈવે-૮ પર આવેલું ચિલોડા વિસ્તાર માટે કાયદો વ્યવસ્થા સલામતી જળવાય તે હેતુસર બે વર્ષ પહેલાં નવા પોલીસ સ્ટેશનનો શુભારંભ ૧લી ઓગષ્ટથી સ્થાપના કરી શ્રી ગણેશ થયા હતાં. ત્યારબાદ બે વર્ષ બાદ ત્રીજા વર્ષમાં મંગલ પ્રવેશ થતાં હાલમાં જૂના મકાનમાં સર્કલની નજીક પોલીસ સ્ટેશન કાર્યરત છે. ત્યારબાદ આ મકાનની પાછળના ભાગે વિશાળ જગ્યામાં વિશાળ આધુનિક ઢબનું સુવિધાયુકત બે માળનું મકાન બનાવવાની કામગીરી પુરજોશમાં આરંભાઈ છે જે હવે પૂર્ણતાની આરે હોવાથી ટૂંક સમયમાં ઉદઘાટનનો પ્રસંગ યોજાયે તેવા સંકેતો મળી રહ્યા છે. દર વર્ષે ૧લી ઓગષ્ટે ચિલોડા પોલીસ સ્ટેશનનો શુભારંભ થયો હોવાથી ત્યાં સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવે છે જેમાં ગામના આગેવાનોએ ભાગ લીધો હતો. હાલમાં પી.આઈ. તરીકે એલ.બી. મોણપરા તથા પોલીસ સ્ટાફે કથા કરાવી તેના રસપાનનો લ્હાવો લીધો હતો. (તસવીર : નટુભાઈ પટેલ)

૧૫મી ઓગષ્ટને પગલે જિલ્લાભરમાં હાઈ એલર્ટ

કોમ્બીંગ નાઈટ ઉપરાંત વાહન ચેકીંગ અને હોટલ-ગેસ્ટ હાઉસ ચેકીંગ સઘન બનાવી દેવાયું

ગાંધીનગર, તા.૧૧

સ્વાતંત્ર્ય દિનને પગલે ગાંધીનગર જિલ્લામાં આજથી જ સઘન ચેકીંગ શરુ કરી દેવામાં આવ્યું છે. ગઈ કાલે જિલ્લા પોલીસની કોમ્બીંગ નાઈટ કરી હતી. જો કે કાંઈ શંકાસ્પદ મળી આવ્યું નથી. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે આજ થી જ જિલ્લાભરમાં હાઈએલર્ટ આપી દેવાયું છે અને વાહન ચેકીંગ ઉપરાંત હોટલ ગેસ્ટ હાઉસમાં પણ સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે.

૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિન શાંતિ અને સલામતીપૂર્વક ઉજવાય અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે જિલ્લા પોલીસ એલર્ટ થઈ ગઈ છે. જિલ્લામાં હાઈ એલર્ટ આપી દેવામાં આવ્યું છે. અને એલસીબી, એસ.ઓ.જી.ને પણ હોટલ-ગેસ્ટ હાઉસના ચેકીંગ ઉપરાંત આસપાસની તમામ હિલચાલ પર નજર રાખવા સુચનાઓ આપી દેવામાં આવી છે. જિલ્લાના તમામ સ્થાનિક પોલીસ મથકના અમલદારોને પ્રવેશદ્વારો તથા મુખ્ય સર્કલો પર સઘન વાહન ચેકીંગ કરાવવાના આદેશ જારી કરી દેવામાં આવ્યા છે તો બીજી તરફ ઉજવણીની તૈયારીઓ પણ જોરશોરથી ચાલી રહી છે.

ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલ પર

સી.સી.ટી.વી. કેમેરાથી સમગ્ર હીલચાલ પર ચાંપતી નજર રખાશે

ચિલોડા, તા.૧૧

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા જંકશન મથક તરીકે જાણીતું મોટા ચિલોડા સર્કલ હવે અનેક આકર્ષક બાગથી નવા રૂપરંગ આપી, હરિયાળા વૃક્ષો, લોખંડની જાળી અને ધજાઓથી આકર્ષક બન્યું છે. આ સર્કલની ફરજે વિવિધ કોમ્પ્લેક્ષો, મુખ્ય માર્ગોને સાંકળતા ૫૦ મીટર સુધી કેમેરામાં કેદ થાય તેવા નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા તેમજ સ્પીડ ડોમ (ફરતો કેમેરો) દ્વારા ૨૦૦

(તસવીર : નટુભાઈ પટેલ)

આધુનિક સુવિધાથી સજ્જ થતાં કંઈક અંશે રાહતનો અનુભવ કરી શકશે. જેમાં હિંમતનગર-અમદાવાદ-ગાંધીનગર-દહેગામ-સાદરાના મુખ્ય માર્ગોને જોડતું ચિલોડા સર્કલ પર અસંખ્ય નાગરિકો વાહનોની સતત અવરજવરથી ધમધમતો વિસ્તારને નજર સમક્ષ નિહાળવા સી.સી. ટીવી કેમેરામાં કેદ થાય તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આમ અગાઉથી ચિલોડા સર્કલને રક્ષા શકિત યુનિ. દ્વારા સંપૂર્ણ રીતે સુશોભિત આકાર આપવામાં કાર્યરત રહ્યું છે. હાલમાં ચોમાસાની ઋતુમાં હરિયાળુ અને જાહેરમાર્ગો, ફૂટપાથો, નાના મોટા છૂટક ફેરીયા તેમજ માનવ મહેરામણથી ધમધમતો વિસ્તાર હોઈ ચાંપતી નજરની તાતી અનિવાર્યતા રહી હતી. આ ઉપરાંત સતત વાહનોની અવરજવર, મુસાફરોની ભારે ભીડ-રાષ્ટ્રીય ધોરી માર્ગ પર થતી ગુનાહિત પ્રવૃતિ પર હવે બાજ નજર રહે તેવા હેતુસર ચિલોડા સર્કલ પર સર્કલને જોડતા મીટરથી તમામ વિગતો કવરેજ કરી શકે તેવા આધુનિક સજ્જ કમેરા લગાડવામાં આવ્યા છે. હવે ચાંપતી નજરથી પોલીસ સ્ટેશનમાં કોમ્પ્યુટર પર પોલીસ કર્મી ટ્રાફિક તથા અન્ય માહિતી નિહાળી શકે તેવી વ્યવસ્થાથી સંપૂર્ણ સલામતીનો અહેસાસ થઈ રહ્યો છે.

ચંદ્રમૌલેશ્વર મંદિરનો ૧૩મીએ પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૨-બી, ખાતે આવેલા ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરનો ૧૩મી ઓગષ્ટ ૨૦૧૩ના રોજ ૧૪મો પાટોત્સવ ઉજવાશે.

શિવ મંડળ દ્વારા આયોજીત ચંદ્રમૌલેશ્વર મહાદેવના પાટોત્સવમાં સવારે ૮ કલાકે શિવ મહિમ્ન પાઠ લઘુરૂદ્ર તેમજ ૯.૩૦ કલાકે શિવયજ્ઞ યોજાશે. આ પ્રસંગે ચાર પ્રહરની પૂજા થશે તથા ધ્વજારોહણ સાથે શિવભકતો ભકિત કાર્યક્રમનો લાભ લેશે.

ગાંધીનગરના ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરમાં શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં ભકતજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બીલીપત્ર અને ધતુરાના ફુલ શિવજીને ચઢાવી ભગવાનના આશીર્વાદ મેળવે છે. મંદિરના પાટોત્સવ પ્રસંગે સર્વ ભકજનોને ભકિતમય કાર્યક્રમનો લાભ લેવા ખાસ જણાવાયું છે.



પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ડભોડા ખાતે ઓમકારેશ્વર મહાદેવ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે - ડભોડા-ચિલોડા માર્ગ પર સ્વામિ શિવાનંદ આશ્રમ ખાતે ઓમકારેશ્વર મહાદેવ શિવાલયમાં શિવલિંગ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાધુ-સંતો અને ગ્રામ્યજનોએ ખૂબ જ ઉમંગથી ભાગ લીધો હતો. આ મંદિર ખાતે વાંસની સુંદર રમણીય કુટિર બનાવવામાં આવી હતી. આ મહોત્સવમાં સંતો અને ભાવિક ભકતજનો માટે ભોજનની વ્યવસ્થઆ કરવામાં આવી હતી. શિવાનંદ આશ્રમના સ્થાપક સ્વામિ સહજાનંદે સર્વે ભકતજનો અને સાધુ-સંતોનું ઉષ્માભર્યું અભિવાદન કર્યું હતું.

તસ્વીર : નટુભાઈ પટેલ

પીંડારડાના તલાટી કમ મંત્રીનો વિદાય સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

પીંડારડા ગામના વિકાસ કાર્યો અને પ્રજાના રોજબરોજના પ્રશ્નોને ગામના સરપંચ, સદસ્યો અને ગ્રામજનો સાથે સંકલન કરી બે વર્ષના ટૂંકા સમય દરમિયાન પ્રસંશનીય કામગીરી કરનાર તલાટી કમ મંત્રી જે. એમ. ઝાલાની પેથાપુર ખાતે રેવન્યુ તલાટી તરીકે બદલી થતાં તેમનો વિદાય સન્માન સમારંભ યોજાઈ ગયો.

તલાટી કમ મંત્રી તરીકે કામ કરતા જે. એમ. ઝાલાની પેથાપુર ખાતે રેવન્યુ તલાટી તરીકે બદલી થતાં તેમનો વિદાય સન્માન સમારંભ પીંડારડા ગામે કોમ્યુનિટી હોલ ખાતે સરપંચ જયોતિબા ભરતસિંહ બિહોલાના પ્રમુખ સ્થાને અને ગ્રામ્ય આગેવાનો સર્વશ્રી પુષ્પેન્દ્રસિંહ વાઘેલા, રાજેન્દ્રસિંહ બિહોલા, ડેપ્યુટી સરપંચ ગિરવતસિંહ વાઘેલા, પૂર્વ સરપંચ ઈન્દ્રસિંહ વાઘેલા, દૂધ મંડળીના ચેરમેન રણવીરસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે જે. એમ. ઝાલાની કામગીરીને બિરદાવી તેમની ઉત્કૃષ્ટ સેવા બદલ સ્મૃતિચિહ્ન આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન રાજેન્દ્રસિંહ બિહોલા અને આભારવિધિ ડેપ્યુટી સરપંચ ગિરવતસિંહ વાઘેલાએ કરી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૧
સૂર્યાસ્ત : ૭.૦૬

તાપમાન

મહત્તમ : ૩૧.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૭૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૮.૪૫, ૧૧.૪૫, ૨.૪૫, ૫.૪૫, ૮.૪૫
: સ્ક્રીન-૩ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
ચેન્નાઈએક્ષપ્રેસ : ૮.૦૦, ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સૂર્યા, વાવોલ

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મહાવીરાય નમો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા : ૧૦.૧૫, ૧.૪૫, ૮.૦૦
બી.એ. પાસ : ૫.૦૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૧.૦૦
: સ્ક્રીન-૩ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૧૫, ૧૦.૪૫

ચિરાગ, કલોલ

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- અષાઢ વદ-૧૪ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે ગિરિરાજ ઉપર શ્યામઘટાના હિંડોળા
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાત્રે ૯.૦૦ કલાકે પંકજભાઈ શુકલના નિવાસ સ્થાન ૩૧, વિરાટનગર ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના.
- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે ભાસ્કરભાઈ વ્યાસના નિવાસ સ્થાન પ્લોટ નં. ૩૮૫/એ-૭, ચર્ચની સામે, નવરાત્રી ચોક પાસે શિવ મહિમ્ન પાઠ.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે જયેશભાઈ દવેના નિવાસ સ્થાન ૫૫/૮, ચ ટાઈપ, સેકટર-૨૮,ખાતે શિવ મહિમ્ન પાઠ અને ભક્તિ વંદના.
- શ્રાવણ માસ નિમિતે શ્રી રામજી મંદિર, વાવોલ ખાતે મંહત મધુસૂદનદાસજી બાપુના સાંનિધ્યમાં ભાગવત કથા અને લીલી મકાઈના હિંડોળા
- પવિત્ર શ્રાવણ માસ નિમિતે શ્રી વિસનગર નાગર પરિવાર દ્વારા રાત્રે ૯.૦૦ કલાકે વાસુદેવભાઈ લક્ષ્મીશંકર પંડયાના નિવાસ સ્થાન ૪૫૫, સેકટર-૮, ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના.

આપની આજ

મેષ : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો યોગ. મિત્રોની સાથે સમય પસાર થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

વૃષભ : ધૈર્ય અને સંયમ રાખવો પડશે. યોજનાનુસાર કાર્ય કરવાથી લાભ થશે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મિથુન : દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. રાજકીય- સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે.

કર્ક : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી.

સિંહ : પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસો સાર્થક થશે. વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે.

કન્યા : નવી યોજના બનશે જેનો લાભ ભવિષ્યમાં થશે, પર્યત્નો ચાલુ રાખવા, કુટુંબમાં સામંજસ્ય બન્યુ રહેશે. મિત્રો અને વાંચવા લખવાનાં કાર્યોમાં રુચિ જાગૃત થશે .

તુલા : તમારા કાર્યોની સમાજમાં પ્રસન્નતા થશે, સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ.

વૃશ્ચિક : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આવી શકશે. વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

મકર : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત જ પ્રાપ્ત થઈ શકે છે.

કુંભ : વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું.

મીન : ધન પ્રાપ્તિનો વિશેષ યોગ. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. મિત્રોનો સહકાર મળી રહેશે.

ચિરવિદાય

- સ્વ. જગદીશસિંહ શિવાજી રાણા (ઉ.વ.૪૬) મુ.પો. ધણપ, તા., જિ. ગાંધીનગર
- સ્વ. કેસરબેન લખાજી ઠાકોર (ઉ.વ.૮૩) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. હીરાબેન રામાજી ઝાલા (ઉ.વ.૮૫) મુ.પો. વજાપુરા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. કમળાબેન પૂજાભાઈ પ્રજાપતિ (ઉ.વ.૪૬) પેટ્રોલપંપની પાછળ, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર
- સ્વ. ભલાજી ગણેશજી ઠાકોર (ઉ.વ.૨૫) જૈન દેરાસર પાસે, મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર